# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-03-2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1. જળજીવન અભિયાનને ડિસેમ્બર 2028 સુધી લંબાવવા કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી.
2. લોકસભામાં અધ્યક્ષ ઓમ બિરલાને હટાવવાના પ્રસ્તાવ પર ચર્ચા શરૂ.
3. સમાન નાગરિક સંહિતા – UCC લાગૂ કરવાનો સમય આવી ગયો હોવાનું સર્વોચ્ચ અદાલતે જણાવ્યું.
4. પશ્ચિમ બંગાળમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું, આગામી ચૂંટણીમાં મતદારોને ડરાવનારા લોકો સામે કડક કાર્યવાહી કરાશે.
5. ICC ટી-20 વિશ્વકપ જીતનારી ભારતીય ટીમને 131 કરોડ રૂપિયાનો રોકડ પુરસ્કાર અપાશે – BCCIની જાહેરાત.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV CABINET MEETING

કેન્દ્રીય મંત્રીમંડળે જળજીવન અભિયાનને ડિસેમ્બર 2028 સુધી લંબાવવા મંજૂરી આપી. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં પત્રકારોને આ અંગે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં જળશક્તિ મંત્રાલયના આ પ્રસ્તાવને મંજૂરી અપાઈ છે.

(BYTE: ASHWINI VAISHNAW, I&B MINISTER) - JAL JIVAN

આ સાથે જ મંત્રીમંડળે એક સમાન રાષ્ટ્રીય ડિજિટલ માળખા, સુજલામ્ ભારતની સ્થાપનાને પણ મંજૂરી આપી છે. તે અંતર્ગત દરેક ગામને એક વિશેષ સુજલ ગામ / સેવા ક્ષેત્ર ઓળખપત્ર અપાશે. તેનાથી સ્ત્રોતથી નળ સુધી પીવાના પાણીનો પૂરવઠા પ્રણાલિનો ડિજિટલ નકશો બનાવાશે. મંત્રીમંડળે કુલ 6 જેટલા કામને મંજૂરી આપી હોવાનું શ્રી વૈષ્ણવે જણાવ્યુ.

(BYTE: ASHWINI VAISHNAW, I&B MINISTER) – 6 PROJECT

મંત્રીમંડળ સમિતિએ રેલવે મંત્રાલયની ચાર હજાર 474 કરોડ રૂપિયાની સૈંથિયા–પાકુર ચોથી લાઈન અને સંતરાગાછી–ખડગપુર ચોથી લાઈનની બે પરિયોજનાને મંજૂરી આપી હોવાનું શ્રી વૈષ્ણવે ઉમેર્યું હતું.

# LS DISCUSSION

લોકસભામાં આજે અધ્યક્ષ ઓમ બિરાલાને હટાવવાના પ્રસ્તાવ પર ચર્ચા શરૂ કરવામાં આવી. બપોરે 12 વાગ્યે પહેલી વાર લોકસભા સ્થગિત થયા બાદ ગૃહની કાર્યવાહી ફરી શરૂ થતાં કોંગ્રેસના સાંસદ ડૉક્ટર મોહમ્મદ જાવેદે આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, અધ્યક્ષે વિરોધ પક્ષના નેતા અને અન્ય વિરોધ પક્ષના નેતાઓને ગૃહમાં બોલવા ન દીધા અને વિરોધ પક્ષની મહિલા સાંસદો પર નિરાધાર આક્ષેપ લગાવ્યા.

ચર્ચામાં ભાગ લેતા સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ વિરોધ પક્ષના આક્ષેપોને ફગાવતા કહ્યું, અધ્યક્ષ ઓમ બિરલા હંમેશા નિષ્પક્ષ રહ્યા છે.

(BYTE: KIREN RIJIJU, UNION MINISTER)

# NADDA DRUGS

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે મુખ્ય ઔષધીય ઘટકોની આયાત પર ભારતની નિર્ભરતા ઘટાડવા અને ઘરેલુ ઉત્પાદનને મજબૂત કરવામાં મહત્વના પગલા લીધા છે.

રાજ્યસભામાં પ્રશ્નકાળ દરમિયાન શ્રી નડ્ડાએ કહ્યું, જથ્થાબંધ દવાઓ માટે ઉત્પાદન આધારિત પ્રોત્સાહન – P.L.I. યોજનાનો ઉદ્દેશ મુખ્ય પ્રારંભિક સામગ્રી, ઔષધીય મધ્યસ્થી અને સક્રિય ઔષધીય ઘટકોના ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે. આ યોજના આગામી વર્ષ 2028–29 સુધી લાગુ રહેશે.

શ્રી નડ્ડાએ કહ્યું, ગત ચાર વર્ષમાં 33 દવા સંબંધિત 48 પરિયોજનાને મંજૂરી અપાઈ છે. તેમણે કહ્યું, કેટલીક જથ્થાબંધ દવાઓને પહેલા મોટાપાયે આયાત કરાતી હતી, પરંતુ હવે ઘરેલુ સ્તર પર જ તેનું નિર્માણ થઈ રહ્યું છે. હવે તેની નિકાસ પણ શરૂ કરવામાં આવી છે.

# RS RURAL DEVELOPMENT MINISTRY

રાજ્યસભામાં ગ્રામીણ વિકાસ મંત્રાલયની કામગીરી પર ચર્ચા શરૂ થઈ છે. ચર્ચાની શરૂઆત કરતા ભાજપના સાંસદ કે. લક્ષ્મણે કહ્યું, વિકસિત ભારત જી-રામ-જી ખરડાથી ગ્રામીણ લોકોના જીવન સ્તરમાં પરિવર્તન આવ્યું છે. તેમણે આ યોજનાની પારદર્શકતાની પ્રશંસા કરી.

પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામીણ અંતર્ગત સરકારે જરૂરિયાતમંદો માટે માત્ર પાકા મકાન બનાવવાની સાથે તેમને સન્માન પણ આપ્યું છે. શ્રી લક્ષ્મણે કહ્યું, મુદ્રા અને ઉજ્જવલા જેવી યોજનાઓ ગ્રામીણ ક્ષેત્રમાં લોકોના જીવનમાં પરિવર્તન લાવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# LS SHIVRAJ FOOD PRODUCTION

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, ગત 10 વર્ષમાં દેશમાં ખાદ્યાન્ન ઉત્પાદનમાં 44 ટકાનો વધારો નોંધાયો છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોનો જવાબ આપતા શ્રી ચૌહાણે કહ્યું, દેશે 357 કરોડ ટનના ખાદ્યાન્ન ઉત્પાદનથી મહત્વની સિદ્ધિ મેળવી છે. પશ્ચિમ બંગાળ સરકારે આ યોજનાને લાગૂ ન કરી હોવાનું પણ શ્રી ચૌહાણે ઉમેર્યું હતું.

(BYTE: SHIVRAJ SINGH CHAUHAN, UNION AGRICULTURE MINISTER)

# SC UCC

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું, સમાન નાગરિક સંહિતા – UCC લાગૂ કરવાનો સમય આવી ગયો છે. સર્વોચ્ચ અદાલતે 1937ના શરિયા કાયદાની જોગવાઈઓને રદ કરવાની માગ કરતી અરજીને સારી બાબત ગણાવી. અદાલતે જણાવ્યું, આ અંગે વિધાનસભાએ જ વિચાર કરવો જોઈએ.

મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ સૂર્ય કાન્ત અને ન્યાયમૂર્તિ જોયમાલ્ય બાગચી તથા ન્યાયમૂર્તિ આર. મહાદેવનની પીઠે જણાવ્યું, શરિયા ઉત્તરાધિકાર કાયદાને રદ કરવાથી એક કાયદાકીય શૂન્યા-વકાશ સર્જાશે. કારણ કે, મુસ્લિમ ઉત્તરાધિકારને નિયંત્રિત કરતો આ કાનૂની કાયદો નથી.

# SC WEST BENGAL SIR

સર્વોચ્ચ અદાલતે આજે પશ્ચિમ બંગાળ સરકાર અને ચૂંટણી પંચને રાજ્યમાં ચાલી રહેલી મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયામાં ન્યાયિક અધિકારીઓને તમામ પ્રકારની સહાય કરવાનો નિર્દેશ આપ્યો છે.

મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ સૂર્ય કાન્ત અને ન્યાયમૂર્તિ આર. મહાદેવન તથા જોયમાલ્ય બાગચીની પીઠે જણાવ્યું, S.I.R. પ્રક્રિયામાં તહેનાત ન્યાયિક અધિકારીઓએ અત્યાર સુધી મતદાર યાદીમાંથી નામ હટાવવા અંગેના વિરોધમાં દાખલ 10 લાખ 16 હજાર વાંધાઓ અને દાવાઓ પર સુનાવણી કરી છે.

પીઠે જણાવ્યું, ચૂંટણી પંચના કોઈ પણ વહીવટી અધિકારી દ્વારા અપીલમાં ન્યાયિક અધિકારીઓના નિર્ણયોની સમીક્ષા કરી શકાતી નથી.

# WEST BENGAL EC

પશ્ચિમ બંગાળમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું, આગામી વિધાનસભા ચૂંટણીમાં મતદારોને ડરાવવા કે ધમકાવનારા લોકો સામે કડક કાર્યવાહી કરાશે. કોલકાતામાં તેમણે કહ્યું, ચૂંટણી પંચ ચૂંટણી પહેલા કે પછી કોઈ પણ હિંસાને ચલાવી નહીં લે.

જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને પોલીસ અધિક્ષકોને ચૂંટણી શાંતિપૂર્ણ તથા હિંસામુક્ત રીતે કરાવવા સ્પષ્ટ નિર્દેશ અપાયા હોવાનું શ્રી કુમારે ઉમેર્યું હતું. પંચે પત્રકારોને જણાવ્યું કે, સર્વોચ્ચ અદાલતના નિર્દેશ અને કલકત્તા વડી અદાલતની દેખરેખ હેઠળ ન્યાયિક અધિકારીઓ વિચારણા હેઠળના નામની તપાસ કરી રહ્યા છે.

(BYTE :GYANESH KUMAR, CHIEF ELECTION COMMISSIONER)

# BCCI AWARD

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બૉર્ડ – BCCI-એ ICC ટી-20 વિશ્વકપ જીતનારી ભારતીય ટીમને 131 કરોડ રૂપિયાના રોકડ પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે. BCCI-ના સચિવ દેવજીત સૈકિયાએ એક નિવેદનમાં જણાવ્યું કે, આ પુરસ્કાર સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની વિજેતા ટીમના 15 ખેલાડીઓ, કૉચિંગ સભ્યો અને અન્ય સહાયક કર્મચારીઓ વચ્ચે વહેંચવામાં આવશે. તેમણે કહ્યું, સહાયક કર્મચારીઓને તેમના પદ મુજબની રકમ અપાશે.